सत्यमेव जयते

| | તારીખ | માસ | વર્ષ |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૩ | ૦૮ | ૨૦૦૨ |
| નોંધ્યા તારીખ | ૨૩ | ૦૮ | ૨૦૦૨ |
| ફેંસલ તારીખ | ૧૬ | ૦૭ | ૨૦૨૬ |
| | વર્ષ | માસ | દિવસ |
| સમયગાળો | ૨૩ | ૧૦ | ૨૩ |

**<u>આઠમા એડિશનલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ તથા સ્પે.જજ (એટ્રોસીટી) ની અદાલતમાં ગાંધીધામ–કચ્છ.</u>**

**સ્પે.એટ્રોસીટી કેસ નં. ૩૮/૨૦૦૨**

**આંક :**

<u>ફરિયાદી</u> : – **શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

<u>આરોપી</u> : – **૧. ગોવિંદ સામત ચાવડા (એબેટ)**

ઉ.વ.૪૩,

રહે. ૪–એ, પ્લોટ નં.૧૯૩, આદીપુર.

**૨. ધનજી ભીમજી આહીર**

ઉ.વ.૪૭,

રહે. ૪–એ, પ્લોટ નં.૪૬, મ.નં.૨,

આદીપુર.

---

**ગુનો :– ભારતીય દંડ સહિતાની કલમ–૩૦૨,૩૨૩,૩૬૪,૫૦૪,૧૧૪ તથા અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનીયમની કલમ–૩(૨)(૫) મુજબ...**

---

ફરિયાદ પક્ષ તર્ફે વિધ્વાન એ.પી.પી.શ્રી એસ.જી.રાણા

આરોપીઓ તર્ફે વિધ્વાન વકીલ શ્રી વી.એન.ગઢવી

---

**–: ઠ રા વ :–**

(૧) **ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત.**

ફરિયાદ પક્ષની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી તા.૨૧–૨–૨૦૦૨ ના રોજ કલાક ૧૫.૩૦ વાગ્યે ભચાઉ નવા બસ સ્ટેશન પાસે પોતાની મારુતીમાં હતા ત્યારે આરોપીઓએ મારુતી ઉભી રખાવી, ફરીયાદીને મારુતીની પાછળની સીટમાં બેસાડી, રસ્તામાં ફરીયાદીને ગાળો આપી, લાફા મારી, અપહરણ કરી ફરીયાદના આદીપુરમાં આવેલ ઘર પાછળ ઉતારી, આરોપીઓએ ફરીયાદીને તેમનું ઘર તેઓના નામે લખી આપવા અથવા રૂા.૧૦,૦૦,૦૦૦/– રોકડા આપવા માંગણી કરતા, ફરીયાદીએ આરોપીઓની માંગણી નહીં સ્વીકારતા, આરોપી નં.૨ નાએ ફરીયાદીને પકડી રાખી અને આરોપી નં.૧ નાએ ફરીયાદી ઉપર પેટ્રોલ છાંટી, દીવાસળી ચાંપી સળગાવી, ફરીયાદીનું મોત નીપજાવી, ગુનો કરવામા એકબીજાની મદદગારી કરી ગુનો કરેલ. જે સંબંધે આ કામના ફરિયાદીએ આરોપીઓ

વિરૂધ્ધ આદીપુર પો.સ્ટે. ગુ.ર.નં.૦૦૧૪/૨૦૦૨ થી ફરિયાદ નોંધાવેલી.

(૨) **તપાસ અન્વેષણ તથા ચાર્જશીટ.**

ફરિયાદની અન્વેષણની કાર્યવાહી દરમ્યાન તપાસ કરનારશ્રી ધ્વારા આરોપીઓના અટક પંચનામા, બનાવવાળી જગ્યાનું પંચનામું, બનાવવાળી જગ્યાનું નીરીક્ષણ કર્યા અંગેનું પંચનામુ, ઈન્કવેસ્ટ પંચનામું, ડાયરી કબજે કર્યાનું પંચનામું, મરણજનારના કપડા કબજે કર્યાનું પંચનામું કરેલ, મરણજનારનું પી.એમ. રીપોર્ટ મેળવેલ, સ્થાનિક જગ્યાના નકશો તૈયાર કરાવેલ, મરણજનારનો જાતિ અંગેનો દાખલો મેળવેલ, મુદામાલ પરીક્ષણ અહેવાલ મેળવેલ, ત્યારબાદ લાગતા વળગતા સાહેદોના નિવેદન નોંધવામાં આવેલ અને પોલીસ તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો અને યોગ્ય પુરાવો હોય, તપાસ કરનાર અમલદારશ્રીએ વિધ્વાન જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ શ્રીની કોર્ટ ગાંધીધામ ખાતે ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ. આરોપીઓને સમન્સ બજતા તેઓ વિધ્વાન જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીની ગાંધીધામ કોર્ટમાં હાજર થતા આરોપીઓને પોલીસ તપાસના કાગળો મળ્યા અંગેની ક્રિમીનલ પ્રોસિજર કોડની કલમ–૨૦૭ મુજબ ખાત્રી કરવામાં આવેલી, વિનામૂલ્યે પોલીસ તપાસના કાગળો આપવામાં આવેલ. ત્યારબાદ, આરોપીઓને પોતાનો બચાવ ખાનગી વકીલ રોકી કરવાનું જણાવતા હોય, તેમજ આ કેસ ચલાવવાની સત્તા સેશન્સ અદાલતને હોય, સદર કેસ ક્રિમીનલ પ્રોસિજર કોડની કલમ–૨૦૯

અંગે કમિટલનો હુકમ કરી વિધ્વાન જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રી ગાંધીધામ નાઓએ અત્રેની અદાલતમાં મોકલી આપેલ.

## (૩) તહોમત તથા પ્લી.

આરોપીઓને પોલીસ તપાસના કાગળો અને નકલો મળ્યા અંગેની ખાત્રી કર્યા બાદ, મારી અગાઉના વિ.સેશન્સ જજશ્રીએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૨૭(૧) અન્વયે આંક–૭૧ થી તહોમતનામું ઘડી આરોપીઓને વાંચી સંભળાવ્યા બાદ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૨૮(૨) મુજબ આંક–૭૨ અને ૭૩ થી આરોપીઓનું નિવેદન નોંધતા આરોપીઓએ પોતાની સામેના આક્ષેપિત ગુનાનો ઈન્કાર કરતા કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ.

હાલના કામે મુળ ફરીયાદ મુજબ બે આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ જે મુજબ ૧. ગોવિંદ સામત ચાવડા તથા ૨. ધનજી ભીમજી આહીર પૈકી આરોપી નં.૧. ગોવિંદ સામત ચાવડા નાઓ ચાલુ ટ્રાયલ દરમ્યાન મરણ ગયેલ હોય, અત્રેની કોર્ટ દવારા તેઓની સામેનો કેસ એબેટ કરવાનો હુકમ કરવામાં આવેલ છે અને આરોપી ન.૨ પુરતી ટ્રાયલ આગળ ચાલેલ છે.

## (૪) ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા.

ફરિયાદપક્ષ તર્ફે આરોપી સામેના આક્ષેપો પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ છે.

**–:: <u>મૌખિક પુરાવો</u> ::–**

| અનુ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૬૮ | પંચ સાહેદ નંદલાલ ખુશીરામ ખુબચંદાણીની જુબાની |

| | | |
|---|---|---|
| ૨ | ૧૮૦ | પંચ સાહેદ મહેન્દ્રભાઈ જેઠાલાલ ચૌહાણની જુબાની |
| ૩ | ૧૮૪ | પંચ સાહેદ ગોવિંદ જુમડામલ આસનાનીની જુબાની |
| ૪ | ૧૯૭ | સાહેદ કરશન રતાભાઈ પરમારની જુબાની |
| ૫ | ૨૦૧ | સાહેદ જગદીશ સત્યનારાયણ કોમારાની જુબાની |
| ૬ | ૨૦૩ | સાહેદ રમેશભાઈ ભેમજીભાઈ ડામોરની જુબાની |
| ૭ | ૨૦૬ | સાહેદ ભવાનજી પ્રેમજી ચૌહાણની જુબાની |
| ૮ | ૨૧૨ | સાહેદ ડો. માધવ ઉલ્હાસ નવલેકરની જુબાની |
| ૯ | ૨૧૫ | સાહેદ ડો. ધારા પ્રદીપકુમાર ત્રિવેદીની જુબાની |
| ૧૦ | ૨૧૭ | સાહેદ સંજયકુમાર મુગટરામ રાવલની જુબાની |
| ૧૧ | ૨૧૯ | સાહેદ વિજયકુમાર કરશનભાઈ ગઢવીની જુબાની |
| ૧૨ | ૨૨૧ | સાહેદ વિઠલદાસ શીવજી ઠક્કરની જુબાની |
| ૧૩ | ૨૨૫ | ત.ક.અ. પ્રવિણસિંહ લક્ષ્મણસિંહ માલની જુબાની |

## –:: <u>દસ્તાવેજી પુરાવો</u> ::–

| અનુ.નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૧૬૯ | સ્થાનિક જગ્યાનું પંચનામું |
| ૨ | ૧૭૦ | સ્થાનિક જગ્યાનું નીરીક્ષણ કર્યા અંગેનું પંચનામું |
| ૩ | ૧૭૧ | મુદામાલ પંચ સ્લીપ (માટી) |
| ૪ | ૧૭૨ | મુદામાલ પંચ સ્લીપ (માટી) |
| ૫ | ૧૭૩ | મુદામાલ પંચ સ્લીપ (પ્લાસ્ટીક કેન તથા ઢાંકણું) |
| ૬ | ૧૭૪ | મુદામાલ પંચ સ્લીપ (દીવાસળીથી ભરેલ માચીસની ડબ્બી) |
| ૭ | ૧૭૫ | મુદામાલ પંચ સ્લીપ (ચંપલ) |
| ૮ | ૧૭૬ | મુદામાલ પંચ સ્લીપ (કુટમેટ) |
| ૯ | ૧૭૭ | મુદામાલ પંચ સ્લીપ (બળેલ કાપડના અવશેષો) |
| ૧૦ | ૧૮૧ | ઈન્કવેસ્ટ પંચનામું |

| | | |
|---|---|---|
| ૧૧ | ૧૮૫ | આરોપી નં.૨ નું અટક પંચનામું |
| ૧૨ | ૧૮૬ | મુદામાલ પંચ સ્લીપ (આરોપી નં.૨ ના કપડા) |
| ૧૩ | ૨૦૭ | ડી.ડી. લેવા માટેની યાદી |
| ૧૪ | ૨૦૮ | ડી.ડી. |
| ૧૫ | ૨૧૩ | પી.એમ. રીપોર્ટ |
| ૧૬ | ૨૧૬ | પેથોલોજી રીપોર્ટ |
| ૧૭ | ૨૨૦ | જાણવા જોગ એન્ટ્રી નં.૭/૨૦૦૨ નો ઉતારો |
| ૧૮ | ૨૨૨ | સ્થાનિક જગ્યાનો નકશો તૈયાર કરવા અંગેની યાદી |
| ૧૯ | ૨૨૩ | સ્થાનિક જગ્યાનો નકશો તૈયાર કરી મોકલ્યા અંગેની યાદી |
| ૨૦ | ૨૨૪ | સ્થાનિક જગ્યાનો નકશો |
| ૨૧ | ૨૨૬ | જાણવાજોગ એન્ટ્રી નં.૭/૨૦૦૨ ની યાદી |
| ૨૨ | ૨૨૭ | ફરીયાદ |
| ૨૩ | ૨૨૮ | ડાયરી કબજે કર્યાનું પંચનામું |
| ૨૪ | ૨૨૯ | મરણજનારના કપડા કબજે કર્યાનું પંચનામું |
| ૨૫ | ૨૩૦ | આરોપી નં.૧ નું અટક પંચનામું |
| ૨૬ | ૨૩૧ | મરણજનારનું મેડીકલ સર્ટીફીકેટ |
| ૨૭ | ૨૩૨ | એફ.એસ.એલ. જુનાગઢની મુદામાલ પરીક્ષણ યાદી તથા મુદામાલ પરીક્ષણ અહેવાલ |
| ૨૮ | ૨૩૩ | સ્થળ મુલાકાતનો રીપોર્ટ |
| ૨૯ | ૨૩૪ અને ૨૩૫ | મરણજનારનું ફોર્મ–બી તથા વીસેરાની કેમીકલ એનાલીસીસ રીપોર્ટ |
| ૩૦ | ૨૩૬ | એફ.એસ.એલ. જુનાગઢની મુદામાલ પરીક્ષણ યાદી તથા મુદામાલ પરીક્ષણ અહેવાલ |
| ૩૧ | ૨૩૭ | કલમ ઉમેરાનો રીપોર્ટ |
| ૩૨ | ૨૩૮ | મરણજનારનો જાતિનો દાખલો |

| | | |
|---|---|---|
| ૩૩ | ૨૩૯ | મરણજનારનું મેડીકલ ઓફીસરશ્રી રામબાગ હોસ્પિટલ રુબરુ લેવાયેલ નીવેદન |

ફરિયાદપક્ષ તર્ફે ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજૂ થયા બાદ સરકાર તર્ફે વિ.એ.પી.પી.શ્રી એસ.જી.રાણા નાઓએ આંક–૨૪૦ થી કલોર્જિંગ પુરસીસ રજૂ કરી ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયાની જાહેર કરવામાં આવેલ.

(૫) **આરોપીનું વધારાનું નિવેદન.**

ફરિયાદપક્ષ તર્ફે મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજૂ થયા બાદ સરકાર તર્ફે પોતાનો પુરાવો પુરો થયાનું જાહેર કર્યા બાદ, આરોપીઓનું ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ–૩૧૩ અન્વયે વધારાનું નિવેદન નોંધવામાં આવેલ જેમાં તેઓએ મુખ્યત્વે પોતાની સામેના પુરાવાનો ઈન્કાર કરેલ અને વધુમાં જણાવેલ કે, તેઓને સોગંદ ઉપર જુબાની આપવી નથી તેમજ બચાવના સાહેદો તપાસવા નથી અને વિશેષમાં જણાવેલ કે, તેઓ નિર્દોષ છે અને તેઓએ કોઈ ગુનો કરેલ નથી, જેથી નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ કરેલ છે.

(૬) **સરકાર તર્ફે વિ.એ.પી.પી.શ્રીની દલીલો.**

સરકાર તર્ફે વિધ્વાન એ.પી.પી.શ્રી એસ.જી.રાણા નાઓએ દલીલ કરતાં જણાવેલ છે કે, આંક–૨૦૬ થી પ્રોસીકયુશન તરફે મરણજનારનું ડી.ડી. લેનાર સરકારી સાહેદને તપાસવામાં આવેલ છે જે જુબાની ઘ્યાને લેવામાં આવે તો રેકર્ડ ઉપર આવે છે કે, સદર મરણોન્મુખ નિવેદન તટસ્થપણે લેવામાં આવેલ છે જે આ

કામે આંક–૨૦૮ થી રજુ થયેલ છે. જેથી આંક–૨૦૬ ની સાહેદની જુબાની તથા આંક–૨૦૮ થી રજુ થયેલ મરણોન્મુખ નીવેદનને ધ્યાને લેતા તે ન માનવા માટે કોઈ કારણ નથી અને તેટલા માત્ર પુરાવાથી પણ ફરીયાદપક્ષનો કેસ પુરવાર થાય છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, આ કામે રજૂ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓને સમર્થન કરતો પુરાવો ત.ક.અ.શ્રી એ પુરો પાડેલો છે. તેઓ ધ્વારા પંચો રૂબરૂ પંચનામાની વિગતે પંચનામા ત.ક.અ. શ્રીએ પંચોની હાજરીમાં કરેલ હોવાનું જણાવેલ છે. પંચ સાહેદોએ સમર્થનકારી પુરાવો આપેલ નથી. પરંતુ ત.ક.અ.શ્રી રૂબરૂ આ પંચનામાં થયેલા છે, અને પંચનામામાં ત.ક.અ.શ્રી પોતાની સહી ઓળખી બતાવે છે. જેથી પંચનામાની હકીકત ન માનવાને કોઈ કારણ નથી. ત.ક.અ.શ્રીને આ કામે ખોટી ફરિયાદ, ખોટી તપાસ કરવા, અને ખોટુ ચાર્જશીટ કરવા માટે કોઈ કારણ નથી. સાહેદો હોસ્ટાઈલ જાહેર થવા માત્ર થી જ તથા માત્ર પોલીસ સાહેદનો પુરાવો અવગણી શકાય નહી. આમ, સમગ્ર પુરાવાથી ફરિયાદપક્ષ આરોપી સામેનો આક્ષેપિત ગુનો નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ રહેલ હોય, આરોપીને તકસીરવાન ઠરાવી, સખતમાં સખત સજા કરવા અરજ ગુજારેલ છે.

(૭) **આરોપી તર્ફે વિ.વ.શ્રીની દલીલ.**

આરોપી તરફે વિ.વ.શ્રી વી.એન.ગઢવી નાઓએ દલીલો કરતા જણાવેલ છે કે, રેકર્ડ ઉપર આવેલ તમામ પુરાવો જોવામાં આવે તો નિર્વિવાદિતપણે એ હકીકત છતી થાય છે કે, મરણજનારને બે પત્ની હતા જે પૈકી હંસાબેન ભચાઉ મુકામે રહેતા અને

અંજનાબેન આદીપુર મુકામે રહેતા હતા. વધુમાં દલીલ કરેલ છે કે, પ્રોસીકયુશનના કેસ મુજબ આ કામના મરણજનારનું આરોપીઓએ ભેગા મળી અપહરણ કરી તેમને બનાવવાળી જગ્યાએ લઈ આવેલ જયાં આરોપી નં.ર નાએ મરણજનારને પકડી રાખી અને આરોપી નં.૧ નાઓએ પેટ્રોલ છાંટી આગ ચાંપેલી અને ત્યારબાદ તેઓ નાશી ગયેલા. પરંતુ મરણોન્મુખ નીવેદન સીવાય એકપણ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી કે જેનાથી ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર પણ સમર્થન મળે. રેકર્ડ ઉપર પ્રથમદર્શનીય રીતે પણ એ દર્શાવવા પુરાવો નથી કે, આ કામના આરોપીઓએ ભોગ બનનારનું અપહરણ કરેલ. જો ફરીયાદપક્ષનો આક્ષેપ હોય કે, મરણજનારનું ધોળા દીવસે અપહરણ કરવામાં આવેલ તો તપાસ કરનાર અમલદારને તે પુરવાર કરવા એકપણ સાક્ષી મળેલ ન હોય તે માનવાપાત્ર રહેતું નથી. વધુમાં ફરીયાદપક્ષ દવારા મરણજનારને માર મારવામાં આવેલ તે દર્શાવતો કોઈ મૌખીક અથવા દસ્તાવેજી પુરાવો રજુ રાખવામાં આવેલ નથી. જયાં સુધી મરણોન્મુખ નીવેદનનો પ્રશ્ન છે, મરણજનારના જમણા પગના અંગુઠાનું નીશાન લેવામાં આવેલ છે પરંતુ આંક–૨૦૬ થી સાહેદ ઉલટતપાસમાં કબુલ રાખે છે કે, તેમણે મરણજનારની સંમતિ લીધેલ હોય તેવું બનેલ નથી. એકઝી.મેજી.શ્રીએ નીવેદન લીધા બાદ અને અંગુઠો લેતા પહેલા તે નીવેદન વાંચી સંભળાવી બતાવેલ હોય તેવું પણ રેકર્ડ ઉપર આવતું નથી. સદર આંક–૨૦૮ ના નીવેદનમાં જે ડોકટરના શેરા સાથે સહી થયેલ છે તેવા કોઈ ડોકટરને તપાસવામાં આવેલ નથી. જેથી, મરણોન્મુખ નીવેદન શંકાસ્પદ છે. વધુમાં રેકર્ડ ઉપર એ હકીકત પણ

આવે છે કે, નીવેદન સાંજના કલાક ૭.૩૫ વાગ્યે શરૂ કરવામાં આવેલ, પરંતુ નીવેદન લેવા માટેની જાણ ૭.૩૦ વાગ્યે થયેલ છે, તેવા સંજોગોમાં માત્ર પાંચ મીનીટની અંદર એકઝી.મજીસ્ટ્રેટે કીટ તૈયાર કરી દવાખાને જઈ મરણજનારની નીવેદન આપવા માટેની સક્ષમતાની ખાતરી કરી નીવેદન લખવાનું શરૂ કરી દીધેલ હોય તે માનવાપાત્ર રહેતું નથી. વધુમાં ઉલટતપાસમાં એ હકીકત પણ રેકર્ડ ઉપર આવે છે કે, ભોગ બનનારની એકઝી.મેજી. દવારા ઓળખ અંગે કોઈ ખાતરી કરેલ નથી. ઉલટતપાસમાં એ હકીકત પણ આવે છે કે, ભોગ બનનારનું નીવેદન લેતા પહેલા તેના આખા શરીર ઉપર મલમ લગાડેલ હતું, પરંતુ આવા કોઈ મલમના ડાઘા આંક–૨૦૮ વાળા નીવેદન ઉપર જોવા મળતા નથી. આંક–૨૦૮ થી રજુ નીવેદન જોવામાં આવે તો તેમાં માત્ર ડી.બી.આહીરનો ઉલ્લેખ છે, પરંતુ તે વ્યકિત આ કામના આરોપી જ છે તે પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે કોઈ પુરાવો રજુ કરેલ નથી. આંક–૨૩૯ વાળુ નીવેદન ધ્યાને લેવામાં આવે તો તેમાં કયાંય આ કામના આરોપી નં.૨ નું નામ જણાવેલ નથી તેમજ જાણવાજોગની એન્ટ્રીમાં પણ આરોપી નં.૨ નું નામ લખેલ નથી. રેકર્ડ ઉપર આવેલ તમામ પુરાવો જોવામાં આવે તો આક્ષેપીત બન્ને બનાવો જાહેર જગ્યામાં દીવસના સમયમાં બનેલા છે તેમ છતાં, બનાવને સમર્થન આપનાર એકપણ સાહેદની જુબાની રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં આ કામે સાહેદ નં.૫ જગદીશ સત્યનારાયણ કોમારાની જુબાનીમાં તેઓ સ્પષ્ટપણે ઉલટતપાસ દરમ્યાન કબુલ રાખે છે કે, એમ્બ્યુલન્સમાં લઈ જવામાં આવેલ વ્યકિત કંઈ બોલી શકે તેવી

પરિસ્થિતિમાં ન હતો. વધુમાં દલીલ કરેલ છે કે, ખરી હકીકતે આ કામે મરણજનારે જાતે આત્મહત્યા કરેલ છે જે હકીકત તેમના પત્ની જાણતા હોવાથી પ્રોસીકયુશન દવારા જાણીજોઈને તેમને સાક્ષી તરીકે દર્શાવેલ નથી. વધુમાં આંક–૧૯૭ થી તપાસવામાં આવેલ સાહેદ જે સ્થાનીક જગ્યાના સાહેદ છે તેઓ પણ તેમની જુબાનીમાં એવું જણાવતા નથી કે, બનાવવાળી જગ્યાએ તેમણે આ કામના આરોપીઓને જોયેલા અને ઉલટતપાસમાં કબુલ રાખેલ છે કે જે માણસ સળગ્યો તે પોતાની જાતે સળગ્યો હતો તેવું જાણવા મળેલ. ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોઈ, તેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે.

(૮) **નિર્ણય માટેના મુદ્દાઓ.**

ઉપરોકત હકીકતોએ આ કેસના મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દાઓ ::–**

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, બનાવમાં પ્રતાપભાઈ ભીમજીભાઈ ડામોરનું મૃત્યું કુદરતી રીતે નહી, પરંતુ સાપરાધ મનુષ્ય વધના પરિણામે નિપજાવેલ છે ?

(૨) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદી તા.૨૧–૨–૨૦૦૨ ના રોજ કલાક ૧૫.૩૦ વાગ્યે ભચાઉ નવા બસ સ્ટેશન પાસે પોતાની મારુતીમાં હતા ત્યારે આરોપીઓએ મારુતી ઉભી રખાવી, ફરીયાદીને મારુતીની પાછળની સીટમાં બેસાડી,

રસ્તામાં ફરીયાદીને ગાળો આપી, લાફા મારી, અપહરણ કરી ફરીયાદના આદીપુરમાં આવેલ ઘર પાછળ ઉતારી, આરોપીઓએ ફરીયાદીને તેમનું ઘર તેઓના નામે લખી આપવા અથવા રૂા.૧૦,૦૦,૦૦૦/- રોકડા આપવા માંગણી કરતા, ફરીયાદીએ આરોપીઓની માંગણી નહીં સ્વીકારતા, આરોપી નં.૨ નાએ ફરીયાદીને પકડી રાખી અને આરોપી નં.૧ નાએ ફરીયાદી ઉપર પેટ્રોલ છાંટી, દીવાસળી ચાંપી સળગાવી, ફરીયાદીનું મોત નીપજાવી, ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી, ઈ.પી.કો. કલમ-૩૦૨, ૩૨૩, ૩૬૪, ૫૦૪, ૧૧૪ તથા અનુસુચિત જાતિ અને જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમની કલમ- ૩(૨)(૫) મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલો છે?

(૩) શું હુકમ ?

(૯) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) નકારમાં.

(૩) આખરી હુકમ મુજબ.

**<u>-:: કારણો ::-</u>**

**પુરાવાકીય મૂલ્યાંકન :-**

(૧૦) **<u>મુદ્દા નં. ૧ અને ૨ :-</u>**

મુદ્દા નં. ૧ અને ૨ પરસ્પર એક-બીજા સાથે સંકળાયેલા હોય, બન્ને મુદ્દાઓની ચર્ચા અત્રે એક સાથે કરેલ છે.

આ કામે ફરિયાદપક્ષે આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, મુજબના ગુનાનો આક્ષેપ કરેલો છે. આરોપીઓ ઉપર ખૂન કરવા અંગેનો ફરિયાદપક્ષે આરોપ મુકેલો છે. ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨ ની જોગવાઈ ઘ્યાને લઈએ તો ''જો કોઈ વ્યકિત પોતાના કૃત્યથી મૃત્યુ થવાનો સંભવ છે, એવા જ્ઞાન, ઈરાદા કે જાણકારી સાથે અને એવા સંજોગોમાં તેવુ કૃત્ય કરે અને તે કૃત્યથી ભોગ બનનારનું મૃત્યુ નીપજે તે વ્યકિતને મૃત્યુદંડ અથવા આજીવન કેદની શિક્ષા કરવામાં આવે અને તે દંડને પાત્ર થશે.''

(૧૦.૧) ભારતીય દંડ સંહિતાની જોગવાઈઓ જોતા કલમ–૩૦૨ મુજબનો ગુનો પુરવાર કરવા માટે ફરિયાદપક્ષે સૌ પ્રથમ તો મરણજનારનું મોત કુદરતી નહિં પરંતુ સાપરાધ મનુષ્ય વધ હતું, તે પુરવાર કરવું પડે. જેથી આ કામે પ્રતાપભાઈ ભીમજીભાઈ ડામોરનું મૃત્યુ સાપરાધ મનષ્ય વધ છે કે કેમ તે ફરીયાદપક્ષે અનિવાર્યપણે પુરવાર કરવું જરૂરી છે. તહોમતનામા મુજબનો ગુનો આ કામના આરોપીએ કરેલ છે કે કેમ તે અન્વયે ફરીયાદપક્ષનો પુરાવો ઘ્યાને લઈએ તો ફરીયાદપક્ષ તરફે આરોપી વિરુઘ્ધનો કેસ સાબીત કરવા સદર કામે કુલ ૧૩ સાહેદો તપાસેલા છે અને જુદા–જુદા દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે. ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ સાહેદો પૈકી ત્રણ પંચ સાહેદો તથા ત્રણ અન્ય સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલા છે. જયારે મેડીકલ ઓફીસરશ્રી, અન્ય સાહેદો તેમજ પોલીસ સાહેદોએ ફરીયાદપક્ષના કેસને સમર્થન પુરુ પાડેલ છે. તેથી

ફરીયાદપક્ષના પુરાવાનું મુલ્યાંકન કરતા પહેલા સદરહુ કાયદાની જોગવાઈ ધ્યાને લેવી જરૂરી જણાય છે જે નીચે મુજબ છે.

આરોપી સામેનું તહોમત વંચાણે લેતાં ફરિયાદપક્ષે એટ્રોસિટી એકટની કલમ–૩(૨)(૫) નો ગુનો પુરવાર કરવા માટે નીચે મુજબની હકીકત પુરવાર કરવાની રહે છે. (૧) આ કામના ફરિયાદી તે અનુસૂચિત જાતિના છે (૨) આ કામના આરોપી તે અનુસુચિત જાતિ સિવાયની જાતિના વ્યકિત છે (૩) આરોપીએ જાહેરમાં દેખાય તે રીતે સ્થળે ફરિયાદીની જાતિ અનુસૂચિત વર્ગની છે તે હોવાનું જાણવા છતાં તેમને જાતિવિષયક અપમાનજનક શબ્દો બોલી અપમાનિત કરેલ છે. વધુમાં, ફરિયાદપક્ષે એ પણ સાબિત કરવું પડે કે બનાવનો ભોગ બનનાર વ્યકિત આવી જ્ઞાતિનો સભ્ય હોવાના કારણસર ગુનાનો ભોગ બનેલ છે.

<u>ઈ.પી.કો. કલમ–૩૨૩:– સ્વેચ્છાપુર્વક વ્યથા પહોંચાડવાની સજા :–</u>

કોઈપણ વ્યકિત, કલમ–૩૩૪ માં જણાવેલા સંજોગોમાં હોય તે સીવાય સ્વેચ્છાપુર્વક વ્યથા પહોંચાડે તેને એક વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા એક હજાર રૂપીયા સુધીનો દંડ અથવા તે બન્ને સજા કરવામાં આવશે.

<u>ઈ.પી.કો. કલમ–૩૬૪:– ખુન કરવા માટે અપહરણ કે અપનયન કરવું :–</u>

કોઈપણ વ્યકિત, અન્ય કોઈ વ્યકિતનું ખુન કરવામાં આવે તે માટે અથવા તેનું ખુન થાય તેવા સંજોગોમાં તે મુકાય તે રીતે તેનો નિકાલ કરવા માટે તે વ્યકિતનું અપહરણ કરે અથવા અપનયન કરે તેને આજીવન કેદ અથવા દસ વર્ષ સુધીની સખત કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે.

**<u>ઈ.પી.કો. કલમ–૫૦૪:– સુલેહભંગ કરવા ઉશ્કેરવાના ઈરાદાથી અપમાન:–</u>**

ઉશ્કેરાઈ જઈને કોઈ વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરે અથવા કોઈ ગુનો કરી બેસે તેવા ઈરાદાથી અથવા કોઈ વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરશે અથવા કોઈ ગુનો કરી બેસશે તેવો સંભવ હોવાનું જાણવા છતાં, કોઈપણ વ્યકિત ઈરાદાપુર્વક અન્ય કોઈ વ્યકિતનું અપમાન કરીને તેને એવા ઉશ્કેરાટનું કારણ આપે તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બન્ને સજા કરવામાં આવશે.

(૧૦.૨) હવે સદર કામે મહત્વના કહી શકાય એવા સાહેદ રમેશભાઈ ભેમજીભાઈ ડામોર નાઓને આંક–૨૦૩ થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે, બનાવના દીવસે પ્રતાપભાઈની દીકરી નીલમનો તેમના કાકા મગનભાઈ ઉપર ફોન આવેલો અને જણાવેલ કે, પપ્પા થોડા હાથે દાઝી ગયેલા છે અને વધુ કંઈ થયેલ નથી. ત્યારબાદ તેઓ દસ થી બાર જણા ગાડી લઈને સંતરામપુરથી નીકળેલા અને માળીયા પહોંચીને નીલમને ફોન કરતા ભુજ દવાખાને આવવાનું કહેલ. ત્યાં તેઓને પહોંચીને જાણવા મળેલ કે તેમના ભાઈ પ્રતાપભાઈ બળવાના કારણે મૃત્યુ થયેલ છે. તેઓ હોસ્પીટલ પહોંચ્યા ત્યારે તેમના ભાઈના શબ પાસે કોઈ જાણીતું ન હતું. તે વખતે અંજનાબેન અને તેમના ત્રણ બાળકો હાજર હતા. તેમના ભાઈ પ્રતાપભાઈ કેવી રીતે અને કયા કારણોસર બળી ગયેલા તેની તેમને માહીતી નથી અને તે બાબતે તેમને પાછળથી પણ કોઈ બાબત જાણવા મળેલ નથી. આ બાબતે તેઓએ કોઈ પુછપરછ કરેલ હોય તેવું પણ બનેલ નથી. સદર સાહેદને ફરીયાદપક્ષ તરફે ફરી ગયેલા જાહેર કરેલ છે. ત્યારબાદ

આરોપી તરફેની ઉલટતપાસમાં સદર સાહેદે સ્વીકારેલ છે કે, પ્રતાપભાઈએ હંસાબેન સાથે બીજા લગ્ન કરી લીધેલ હોઈ તે બાબતે પ્રતાપભાઈ અને તેમના ભાભી અંજનાબેન વચ્ચે વિવાદ ચાલતા હતા. વધુમાં સ્વીકારેલ છે કે, જેના કારણે તેમના પિતાજી તેમના ભાઈને સમજાવવા માટે આદીપુર મુકામે આવેલા. વધુમાં સ્વીકારેલ છે કે, તેમના ભાઈ હંસાબેનને છોડતા ન હતા અને કહેતા હતા કે હું હંસાબેનને પણ રાખીશ અને અંજનાબેનને પણ રાખીશ. આમ, સદર સાહેદની સોગંદ ઉપરની જુબાનીનું પુરાવાકીય મુલ્યાંકન કરીએ તો, સદર સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં મરણજનાર દાઝેલ હોવાની જાણ તેઓને તેમની ભત્રીજી એટલે કે મરણજનારની દીકરી દવારા થયેલ અને તેઓ હોસ્પીટલ પહોંચ્યા ત્યારે મરણજનારનું મૃત્યુ થયેલ હતું. સદર સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં મરણજનાર કઈ રીતે દાઝી ગયેલા તે બાબતે કે આ કામના આરોપીએ મરણજનારને સળગાવેલ હોય તે બાબતે લેશમાત્ર હકીકત જણાવેલી નથી કે તે જાતે કોઈ તપાસ કરેલ હોય તેવી કોઈ હકીકત જણાવેલ નથી. વધુમાં સદર સાહેદની જુબાનીમાં એવી કોઈ હકીકત પણ રેકર્ડ પર આવેલ નથી કે તેમના ભાઈનું અપહરણ થયેલ હોય.

(૧૦.૩) ફરીયાદપક્ષ તરફે સાહેદ કરશન રતાભાઈ પરમારને આંક-૧૯૭ થી તપાસેલા છે. સદર સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં બનાવના દીવસે સવારના દસ થી અગીયાર વાગ્યાના સમયે એક રીક્ષાવાળો તેમને બુમ પાડતો ગયેલ કે તેમની રેકડીની સામેની તરફ એક માણસ બળે છે જેથી તેઓએ તેમની પાસે રહેલ ટાંકામાંથી પાણીની ડોલ તેના ઉપર રેડેલ. આ જે વ્યકિત

બળેલ તેઓ કયા કારણસર દાઝેલ તેની તેમને જાતમાહીતી ન હોવાનું જણાવેલ છે. સદર સાહેદને ફરીયાદપક્ષ તરફે ફરી ગયેલા જાહેર કરેલ છે. ત્યારબાદ આરોપી તરફેની ઉલટતપાસમાં સદર સાહેદે સ્વીકારેલ છે કે, જે માણસ સળગયો તે પોતાની જાતે સળગયો હતો તેવું મને જાણવા મળેલ. આમ, સદર સાહેદની સોગંદ ઉપરની જુબાનીનું પુરાવાકીય મુલ્યાંકન કરીએ તો, સદર સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં મરણજનાર દાઝેલ હોવાની હકીકત જણાવેલ છે, પરંતુ તે વખતે આરોપી બનાવ સ્થળે હાજર હોય કે તેઓએ આરોપીને મરણજનારને સળગાવતા જોયેલા હોય તેવી કોઈ હકીકત જણાવેલી નથી. વધુમાં સદર સાહેદની જુબાનીથી એ હકીકત રેકર્ડ ઉપર આવે છે કે તેઓ જયારે બનાવ સ્થળે પહોંચ્યા ત્યારે એક માણસ બળી રહયો હતો. આમ, બનાવ બાદ તરત જ સદર સાહેદ બનાવ સ્થળે પહોંચેલ તેવું અનુમાન કરવું વ્યાજબી છે. પરંતુ આ સાહેદે પોતાની જુબાનીમાં કયાંય એવું જણાવેલ નથી કે, બળી રહેલ વ્યકિત પાસે અથવા બનાવવાળી જગ્યાથી તેમણે અન્ય કોઈ ત્રાહિત ઈસમોને નાશતા જોયેલા હોય.

(૧૦.૪) ફરીયાદપક્ષ તરફે સાહેદ જગદીશ સત્યનારાયણ કોમરાને આંક-૨૦૧ થી તપાસેલા છે. સદર સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં બનાવ વખતે તેમના પિતાની નોકરી રસોઈયા તરીકે રામબાગ હોસ્પિટલમાં હોય જેથી તેઓ તેમની સાથે રામબાગ હોસ્પીટલના કવાટર્સમાં રહેતા હતા ત્યારે એક વ્યકિત બળેલ અવસ્થામાં હોસ્પિટલમાં હતા અને જેને ભુજ સીવીલ હોસ્પિટલમાં લઈ જવાનો હોઈ પરંતુ તેની સાથે કોઈ જવા તૈયાર નહોઈ તેઓ

તેમની સાથે એમ્બ્યુલન્સમાં બેસી ભુજ સીવીલ હોસ્પિટલ ગયેલા અને ત્યાં તે વ્યકિતને મુકી પરત આવી ગયેલા. આ વ્યકિત કેવા સંજોગોમાં અને કયા કારણોસર બળી ગયેલ તેની તેમને કોઈ માહીતી નથી કે તે બાબતે તેમને કોઈ જાણ પણ થયેલ નથી. સદર સાહેદને ફરીયાદપક્ષ તરફે ફરી ગયેલા જાહેર કરેલ છે. ત્યારબાદ આરોપી તરફેની ઉલટતપાસમાં સદર સાહેદે સ્વીકારેલ છે કે, આ વ્યકિતને રામબાગ હોસ્પિટલ કોણ લઈ આવેલ અને કયારે લઈ આવેલ તેની તેમને કોઈ માહીતી નથી. વધુમાં સ્વીકારેલ છે કે, એમ્બ્યુલન્સમાં લઈ જવામાં આવેલ વ્યકિત કાંઈ બોલી શકે તેવી પરિસ્થિતિમાં ન હતો. આમ, સદર સાહેદની સોગંદ ઉપરની જુબાનીનું પુરાવાકીય મુલ્યાંકન કરીએ તો, સદર સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં મરણજનાર દાઝેલ હોવાની હકીકત જણાવેલ છે અને તેઓ તેમને રામબાગ હોસ્પિટલથી એમ્બ્યુલન્સ મારફતે ભુજ સીવીલ હોસ્પિટલ લઈ ગયેલ હોવાની હકીકત જણાવેલ છે, મરણજનાર કઈ રીતે દાઝી ગયેલા તે બાબતે કે આ કામના આરોપીએ મરણજનારને સળગાવેલ હોય તે બાબતે લેશમાત્ર હકીકત જણાવેલી નથી કે તે મરણજનારે તેમને કોઈ હકીકત જણાવેલ હોય કે તેઓએ જાતે કોઈ તપાસ કરેલ હોય તેવી કોઈ હકીકત જણાવેલ નથી.

(૧૦.૫) ફરિયાદપક્ષ તરફે સાહેદ ડોકટર માધવ ઉલ્હાસ નવલેકરની આંક-૨૧૨ થી સોગંદ ઉપર જુબાની થયેલ છે. જેમાં તેઓ જણાવે છે કે, તેઓ વર્ષ ૨૦૦૨ ની સાલમાં મેડીકલ ઓફીસર તરીકે જી.કે.જનરલ હોસ્પીટલ ભુજ ખાતે ફરજ બજાવતા હતા. તે દરમ્યાન તા.૨૨/૨/૨૦૦૨ ના રોજ પોલીસ યાદી સાથે તેમની

પાસે હંસાબેન વા/ઓ પ્રતાપભાઈ ભીમજીભાઈ ડામોર એક શબ લઈ આવેલા તે શબ પ્રતાપ ભીમજીભાઈ ડામોરનો હતો. તે શબને તેમની પાસે લઈ આવ્યા પછી તેનું ઈન્કવેસ્ટ પંચનામું કરવામાં આવેલ અને તે જ દિવસે કલાક ૧૦.૦૦ થી લઈ કલાક ૧૧.૨૫ સુધી સદર શબનુ પોસ્ટમોર્ટમ કરવામાં આવેલ.

વધુમાં ડોકટર સાહેદે પોતાની સરતપાસમાં જણાવેલ છે કે, સદર શબનું બાહય પરીક્ષણ કરતાં સદર શબ લાલ પીળા લીલા અને કાળા કલરના બેલેન્કેટમાં ઢાંકેલ હતુ. ઈન્કવેસ્ટ પંચનામા મુજબ સદર શબ હીન્દુ પુરૂષનું હતું જેની ઉંમર આશરે ૩૮ વર્ષની હતી. સદર શવના જમણા પગના પંજાના નીચેના ભાગે એક ચકામાનો નિશાન હતો. સદર શવ જોતાં તેમની પાસે પહોંચેલ તે વખતે તે ઠંડુ હતુ અને શરીર જકડાયેલુ હતુ. સદર શબનું પરીક્ષણ કરતાં તે વધુમાં દઝાઈ ગયેલ હોય સદર શબ પરીક્ષા વેળાએ કોઈ શરીરના ભાગે કાળા પડી ગયા હોય અથવા કોઈ ભાગ ફુલી ગયેલ હોય તથા ત્વચાની હાલત ચોકકસ રીતે જાણી શકાયેલ નહીં. સદર શબ ની આંખો બંધ હતી, મોઢુ અર્ધ ખુલ્લી અવસ્થામાં હતુ અને જીભ મોઢાના અંદર હતી. સદર શબના જનેન્દ્રીયના ભાગે દાઝયા સિવાય અન્ય કોઈ ઈજાઓ જણાઈ આવેલ નહીં. સદર શબ ના શરીર ઉપર ૯૬% સુધી ફર્સ્ટ, સેકન્ડ, થર્ડ અને ફોર્થ ડીગ્રીના બર્ન્સ જણાઈ આવેલ. સદર દાઝયાની ઈજાઓ એન્ટીમોર્ટમ હતી. સદર શબ ઉપર બાહય રીતે અસ્થિભંગની કોઈ ઈજા જણાઈ આવેલ નહીં. સદર શબ ની આંતરીક તપાસ કરતાં શબના માથાના ભાગે તેના વાળ દાઝેલા હતા અને મસતિષ્ક ના અંદરના ભાગે સોજો જણાઈ આવેલ. શબની

છાતીની દિવાલમાં દાઝયા સિવાય કોઈ ઈજા ન હતી અને તેના ફેંફસા કન્જેસ્ટેડ હતા. ગળા પાસેની શ્વાસનળીમાં સોજો જણાઈ આવેલ. સદર શબના ફેફસાનો એક ભાગ વધુ તપાસણી માટે હીસ્ટો–પેથોલોજીકલ એકઝામ માટે મોકલવામાં આવેલ. સદર શબને હૃદયના બંને ચેમ્બરમાં લોહીની હાજરી જણાઈ આવેલ. પેટની દિવાલ ઉપર દાઝયા સિવાય અન્ય કોઈ ઈજાઓ જણાઈ આવેલ નહી. સદર શબના મોઢામાં બોખ, દાંત, જીભ અને કંઠનળી તેમજ અન્નનળીમાં સોજો જણાઈ આવેલ. હોજરીમાં પાચકસ્ત્રાવ જણાઈ આવેલ, નાના આંતરડામાં અર્ધ પચેલ ખોરાક મળી આવેલ. મોટા આંતરડામાં મળની હાજરી મળેલ. સદર શબ નું યકૃત– વજન અને પિતાશય, અન્નાશય, બરોળ તેમજ મુત્રપીંડો કન્જેસ્ટેડ જણાઈ આવેલ.

વધુમાં ડોકટર સાહેદે પોતાની સરતપાસમાં જણાવેલ છે કે, શબના આંતરીક ભાગ પૈકી પેટ, જઠર, આંતરડા, યકૃત, ફેંફસા, કિડની, બરોળ મીઠાના પાણીમાં તેના ભાગ લઈ તપાસ અર્થે એફ.એસ.એલ. ખાતે મોકલવામાં આવેલ જે નમુનાઓને કન્ટેનર એ, બી, સી અને ડી લેબલ આપવામાં આવેલ. સદર શબના હૃદયમાંથી ૫ સી.સી. લોહી કાર્બોકસી હેમોગ્લોબીનનું લેવલ ચકાસવા માટે તેમજ ૫ સી.સી. લોહી થોરાસીક કેવીટી તેમજ આલ્કોહોલની હાજરી ચકાસવા માટે બે અલાયદી ફીયાલમાં લઈ સદર બંને ફીયાલ ઈ અને એફ તે લેબલ આપી એફ.એસ.એલ.માં મોકલવામાં આવેલ. તેમના અભિપ્રાય મુજબ શબનું મૃત્યુનું કારણ વધુ પ્રમાણમાં દાઝી જવાથી હાઈપોવોલેમીક શોક ના કારણે થવા પામેલ.

આમ, ફરિયાદપક્ષ તર્ફે તપાસવામાં આવેલ મેડિકલ ઓફિસર કે જેઓએ ગુજરનારનું શબ પરીક્ષણ કરેલ છે. તેઓનો ઉપરોકત પુરાવો ધ્યાને લેતા ગુજરનારને થયેલ ઈજાઓ, ગુજરનારના મૃત્યું સંબંધે અભિપ્રાય, અને ડોકટર સાહેદના પુરાવામાં આંક–૨૧૩ થી રજૂ થયેલ અસલ પી.એમ. નોટની હકીકત સાથે લક્ષમાં લેતા ગુજરનાર પ્રતાપભાઈ ભીમજીભાઈ ડામોરનું મૃત્યું વધુ પ્રમાણમાં દાઝી જવાથી હાઈપોવોલેમીક શોક ના કારણે થયેલ હોવાનું જણાય છે, પરંતુ ઉપરોકત પુરાવા ઉપરથી મરણજનાર કેવી રીતે દાઝી ગયેલ તે સબંધે તેમજ આ કામના આરોપીઓએ મરણજનારને સળગાવેલ હોય અને તેના કારણે મરણજનારનું મૃત્યુ થયેલ હોય તેવો કોઈ પુરાવો ફરીચાદપક્ષ તરફે રજુ થયેલ નથી.

(૧૦.૬) વધુમાં આંક–૨૧૫ થી ડો.ધારા ત્રીવેદીની જુબાની જોવામાં આવે તો તેમણે લંગ્સ ટીસ્યુના સેમ્પલનું પરીક્ષણ કરી આંક–૨૧૬ થી તેનો રીપોર્ટ રજુ રાખેલો છે. સદર આંક–૨૧૬ થી રજુ થયેલ રીપોર્ટમાં ફેફસાના ટીસ્યુની પરીક્ષણ કરવામાં આવેલ છે.

(૧૦.૭) ફરિયાદપક્ષ તર્ફે આંક–૧૬૮ થી પંચ સાહેદ નંદલાલ ખુશીરામ ખુબચંદાણીની સોગંદ ઉપર જુબાની થયેલ છે. સદર પંચ સાહેદ આંક–૧૬૯ ના બનાવવાળી જગ્યાના પંચનામાના તથા આંક–૧૭૦ ના બનાવવાળી જગ્યાનું નીરીક્ષણ કર્યા અંગેના પંચનામાના પંચ સાહેદ છે. સદર પંચ સાહેદ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં આંક–૧૬૯ અને ૧૭૦ ના પંચનામાને સમર્થન મળે તેવી લેશમાત્ર હકીકત કોર્ટ રૂબરૂ જણાવેલી નથી. સદર પંચ સાહેદને વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલા

છે, અને ત્યારબાદ લંબાણ પૂર્વકની ઉલટ તપાસમાં પણ આંક–૧૬૯ ના બનાવવાળી જગ્યાના પંચનામાના તથા આંક–૧૭૦ ના બનાવવાળી જગ્યાનું નીરીક્ષણ કર્યા અંગેના પંચનામાનને સમર્થનકારી કોઈ પુરાવો કોર્ટ રૂબરૂ પુરો પાડેલો નથી. આમ, સદર પંચ સાહેદની સોગંદ ઉપરની જુબાની કે આંક–૧૬૯ અને ૧૭૦ નું પંચનામું આરોપીઓ સામેનું તહોમત પુરવાર કરવા ફરિયાદપક્ષને મદદરૂપ નિવડે તેમ નથી.

(૧૦.૮) ફરિયાદપક્ષ તર્ફે આંક–૧૮૦ થી પંચ સાહેદ મહેન્દ્રભાઈ જેઠાલાલ ચૌહાણની સોગંદ ઉપર જુબાની થયેલ છે. સદર પંચ સાહેદ આંક–૧૮૧ ના ઈન્કવેસ્ટ પંચનામાના પંચ સાહેદ છે. સદર પંચ સાહેદ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં આંક–૧૮૧ ના પંચનામાને સમર્થન મળે તેવી લેશમાત્ર હકીકત કોર્ટ રૂબરૂ જણાવેલી નથી. સદર પંચ સાહેદને વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલા છે, અને ત્યારબાદ લંબાણ પૂર્વકની ઉલટ તપાસમાં પણ આંક–૧૮૧ ના ઈન્કવેસ્ટ પંચનામાને સમર્થનકારી કોઈ પુરાવો કોર્ટ રૂબરૂ પુરો પાડેલો નથી. આમ, સદર પંચ સાહેદની સોગંદ ઉપરની જુબાની કે આંક–૧૮૧ નું પંચનામું આરોપીઓ સામેનું તહોમત પુરવાર કરવા ફરિયાદપક્ષને મદદરૂપ નિવડે તેમ નથી.

(૧૦.૯) ફરિયાદપક્ષ તર્ફે આંક–૧૮૪ થી પંચ સાહેદ ગોવિંદ જુમડામલ આસનાનીની સોગંદ ઉપર જુબાની થયેલ છે. સદર પંચ સાહેદ આંક–૧૮૫ ના આરોપીના અટક પંચનામાના પંચ સાહેદ

છે. સદર પંચ સાહેદ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં આંક–૧૮૫ ના પંચનામાને સમર્થન મળે તેવી લેશમાત્ર હકીકત કોર્ટ રૂબરૂ જણાવેલી નથી. સદર પંચ સાહેદને વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલા છે, અને ત્યારબાદ લંબાણ પૂર્વકની ઉલટ તપાસમાં પણ આંક–૧૮૫ ના આરોપીના અટક પંચનામાને સમર્થનકારી કોઈ પુરાવો કોર્ટ રૂબરૂ પુરો પાડેલો નથી. આમ, સદર પંચ સાહેદની સોગંદ ઉપરની જુબાની કે આંક–૧૮૫ નું પંચનામું આરોપીઓ સામેનું તહોમત પુરવાર કરવા ફરિયાદપક્ષને મદદરૂપ નિવડે તેમ નથી.

(૧૦.૧૦) ફરીયાદપક્ષ તરફે આંક–૨૦૬ થી સાહેદ પ્રેમજી ભવાનજી ચૌહાણની સોગંદ ઉપર જુબાની થયેલ છે. સદર સાહેદે તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૨૧–૨–૦૨ ના રોજ તેઓ નાયબ મામલતદાર તરીકે ભુજ ખાતે ફરજ ઉપર હતા તે વખતે ભુજ સીટી પો.સ્ટે. તરફથી ડી.ડી. લેવા માટેની યાદી તેમને મળતા તેઓએ સદર યાદી રીસીવ કરી તરત જયુબીલી ગ્રાઉન્ડમાં બનાવવામાં આવેલ ટેમ્પેરેરી સારવાર કેમ્પમાં ગયેલા, ફરજ પરના ડોકટરને મળી યાદી બતાવેલ અને ત્યારબાદ ફરજ પરના ડોકટરે પેશન્ટને બતાવતા પેશન્ટને તપાસ્યા બાદ અને પેશન્ટ ભાનમાં છે અને નીવેદન આપવા સક્ષમ છે તેની ખાતરી કર્યા બાદ ડોકટરે સહી કરી આપતા સાહેદે આ કામના મરણજનાર પ્રતાપભાઈ ભીમજીભાઈ ડામોરનું તેમના લખાવ્યા મુજબ પોતાના હસ્તાક્ષરમાં મરણોન્મુખ નિવેદન નોંધી લીધેલ અને સદર નીવેદન નોંધ્યા બાદ તેમના જમણા પગના અંગુઠાનું નીશાન નીવેદનમાં લેવામાં આવેલ

અને ત્યારબાદ તેમાં પોતાની સહી કરેલ. સદર સાહેદે આંક–૨૦૭ થી તેમને મળેલ અસલ યાદી રજુ રાખેલ છે તેમજ આંક–૨૦૮ થી મરણજનારનું મરણોન્મુખ નિવેદન રજુ રાખેલ છે. જે નિવેદનમાં સાહેદે છેલ્લા પાને પોતાની સહી પણ ઓળખી બતાવેલ છે. સદર સાહેદની ત્યારબાદ આરોપી તરફે વિગતવાર ઉલટતપાસ કરવામાં આવેલ છે. સદર સાહેદે આંક–૨૦૮ થી જે નીવેદન રજુ રાખેલ છે જે તા.૨૧–૨–૨૦૦૨ ના રોજ સાંજના કલાક ૭.૩૫ થી ૭.૫૨ વાગ્યે નોંધવામાં આવેલ છે જેમાં ઉલ્લેખ છે કે, *'' આજે ભચાઉ તાલુકા પંચાયતમાં તલાટીઓની અઠવાડીક મીટીંગ પુરી કરીને અંદાજે ૩.૩૦ વાગ્યે બપોર બાદ તાલુકા પંચાયત ભચાઉમાંથી નીકળયો. આ વખતે હું મારી મારુતી નં.જીજે.૧૨.પી.૨૦૬૪ માં નીકળયો અને ભચાઉમાં આવેલ રામવાડીમાં જતો હતો ત્યારે ભુકંપ સમયે નવું બસ સ્ટેશન બન્યું હતું ત્યાં ગોવિંદ સામત ચાવડા, રે.નાની ચીરઈ હાલે આદીપુર તથા ડી.બી. આહીર, તલાટીશ્રી અંજાર તાલુકાના ગામનાએ મને ઉતારી મને મારી મારુતીની પાછલી સીટમાં બેસાડી દીધો અને મને બળજબરીથી આદીપુર મારા મકાન નં.૭/૨૪૭– ૨૪૮ ની પાછળ લઈ ગયેલ. અને મને મારુતીની બહાર કાઢી મારુતીથી ૧૦ ફલાંગ દુર ઉભો રાખી ડી.બી.આહીરે મને પકડી રાખ્યો અને ગોવિંદ સામત ચાવડાએ પેટ્રોલ મારા ઉપર છાંટી ગોવિંદ સામત ચાવડાએ મને દીવાસળી સળગાવી આગ ચાંપી દીધી અને હું બળી ગયો. અને મારુ શરીર અને આંખો બળી ગઈ અને તેઓ કયાં ગયા તે હું દેખી શકયો નહીં. અને મને અજાણ્યા માણસોએ ઓલાવેલ અને દવાખાને લઈ આવેલ. આ બનાવ બનવાનું કારણ આ*

*બન્ને જણા મારી મીલકત આદીપુરનું મકાન જે મારી પત્નીના નામે છે તે અને ભચાઉમાં આવેલ મકાન અને મારુતી પણ પચાવી પાડવા માંગતા હતા. આના સીવાય ડી.બી.આહીરને નાની ચીરઈ તલાટી તરીકે લાવવાનો હતો તેના કારણે પણ આમ મને સળગાવેલ છે. આના સીવાય બીજું કાંઈ લખાવવું નથી. બન્ને હાથના તમામ આંગળા તથા અંગુઠા દાઝી ગયેલ છે.''*

નામ. સુપ્રીમ કોર્ટ દવારા અનેક ચુકાદાઓમાં ઠરાવવામાં આવેલ છે કે, જયારે મરણોન્મુખ નિવેદન તટસ્થપણે નોંધાયેલ હોય અને તેની ઉપર શંકા કરવા માટે કોઈ કારણ ઉપસ્થિત ન હોય તેવા સંજોગોમાં આવા મરણોન્મુખ નીવેદનને કોરોબોરેશનની જરૂર રહેતી નથી અને તે વિશ્વાસપાત્ર ઠરે છે. પરંતુ હાલના કેસમાં ઉપરોકત સમગ્ર જુબાની જોવામાં આવે તો તેમાં પેશન્ટને જે ડોકટર જે.એ.ખત્રીએ તપાસ્યા છે અને જેમણે ખાત્રી કરેલ છે કે પેશન્ટ ભાનમાં છે અને નીવેદન આપવા સક્ષમ છે તેવા ડોકટરને પ્રોસીકયુશને તપાસેલ નથી અથવા પ્રોસીકયુશનનો એવો પણ કોઈ કેસ નથી કે તેમનું કોઈ નીવેદન લેવામાં આવેલ હોય. વધુમાં સદર મરણજનારનું બીજું એક મરણોન્મુખ નીવેદન રેકર્ડ ઉપર આંક–૨૩૯ થી આવેલ છે જે નીવેદન આંક–૨૦૮ વાળા નીવદેનથી પહેલા લેવામાં આવેલ અને જે રામબાગ હોસ્પિટલના મેડીકલ ઓફીસરશ્રી રુબરુ લેવામાં આવેલ હતું. આંક–૨૩૯ થી રજુ થયેલ આ નીવેદન જોવામાં આવે તો તેમાં કયાંય આ કામના આરોપી નં.ર નું નામ જણાવેલ નથી અને તેમાં માત્ર એટલો ઉલ્લેખ છે કે, આ કામના આરોપી નં.૧ ગોવિંદ સામત ચાવડા નાઓએ તેમને પેટ્રોલ છાંટી

દીવાસળી દઈ ભાગી ગયેલા. વધુમાં આંક–૨૩૯ માં મરણજનારના જમણા હાથના અંગુઠાનું નીશાન લેવામાં આવેલ છે અને આંક–૨૦૬ ની જુબાની જોવામાં આવે તો સાહેદ જણાવે છે કે, મરણજનારના બન્ને હાથની આંગળીઓ તેમજ અંગુઠાઓ બળી ગયેલ હોય જેથી તેમના જમણા પગના અંગુઠાનું નીશાન લીધેલું. આ ઉપરાંત આંક–૨૩૯ વાળુ નીવેદન જે મેડીકલ ઓફીસરશ્રીની રુબરુ લેવામાં આવેલ છે તેની જુબાની પણ હાલના કામે રેકર્ડ ઉપર આવેલ નથી. આમ, દેખીતી રીતે આંક–૨૦૮ અને આંક–૨૩૯ થી રજુ થયેલ બન્ને નીવેદનો વચ્ચે મહત્વનો વિરોધાભાસ જણાતો હોય કોઈપણ આનુસંગીક પુરાવાની ગેરહાજરીમાં આંક–૨૦૮ થી રજુ થયેલ મરણોન્મુખ નિવેદન માનવા યોગ્ય રહેતું નથી.

(૧૦.૧૧) ફરીયાદપક્ષ તરફે આંક–૨૨૧ થી શ્રી વિઠલદાસ શીવજીભાઈ ઠકકરને તપાસેલા છે જેઓ જે તે સમયે નાયબ મામલતદારના હોદા ઉપર હતા અને સર્કલ ઓફીસર તરીકે ફરજ બજાવતા હતા. સદર સાહેદે તેઓની જુબાની જણાવેલ છે કે, આંક–૨૨૨ વાળી યાદી મળતા તેઓ નકશો બનાવવા માટે વોર્ડ નં.૪–એ, પ્લોટ નં.૨૪૭/૨૪૮, મ.નં.૬, આદીપુર ખાતે ગયેલ અને ત્યાં મૃતકના પત્ની અંજનાબેનની હાજરીમાં, જેમણે બનાવવાળી જગ્યા બતાવેલ, નકશો તૈયાર કરેલ. સદર સાહેદે આંક–૨૨૪ થી નકશો રજુ રાખેલો છે. સદર નકશો ધ્યાને લેવામાં આવે તો નકશામાં જે જગ્યા બનાવવાળી જગ્યા બતાવવામાં આવેલ છે તેને લાગીને ખુલ્લી જગ્યા તેમજ આદીપુર રામબાગનો જાહેર રસ્તો દર્શાવવામાં આવેલો છે અને સદર જગ્યાના પુર્વ દિશાએ એક કારખાનું

પણ દર્શાવવામાં આવેલ છે. સદર નકશામાં જગ્યા બતાવનાર તરીકે મૃતકના પત્નીની સહી જણાઈ આવે છે. સદર નકશાને ધ્યાને લેવામાં આવે અને રેકર્ડ ઉપર આવેલ આક્ષેપીત સંજોગો ધ્યાને લેવામાં આવે તો બનાવ ધોળે દીવસે બનેલો હોય અને નકશા ઉપરથી જયારે બનાવવાળી જગ્યા કોઈ માનવરહિત જગ્યા ન હોય તેવા સંજોગોમાં એકપણ તટસ્થ સાહેદની જુબાનીની ગેરહાજરીમાં ફરીયાદમાં જણાવેલ મુજબના આક્ષેપ ઉપર વિશ્વાસ રાખવો ન્યાયોચિત જણાઈ આવતો નથી. અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે, આ બનાવવાળી જગ્યા જે મૃતકના પત્નીએ બતાવેલ છે, પરંતુ સમગ્ર પુરાવા દરમ્યાન ફરીયાદપક્ષ દવારા મૃતકના પત્ની અંજનાબેનને તપાસવામાં આવેલ નથી. વધુમાં આક્ષેપીત બનાવ ધોળે દીવસે બનેલો અને બનાવવાળી જગ્યાને લાગીને જાહેર રસ્તો આવેલ હોવા છતાં તપાસનીશ એજન્સીને નજરે જોનાર કોઈ સાહેદ મળેલા નથી.

(૧૦.૧૨) ફરીયાદપક્ષ તરફે આંક–૨૧૯ થી તપાસ કરનાર અમલદાર વિજયકુમાર કરશનભાઈ ગઢવીની સોગંદપર જુબાની થયેલ છે. જેઓએ પોતાની સોગંદપરની જુબાનીમાં મુખ્યત્વે જણાવેલ છે કે, સદર કામે તેઓએ સ્થાનિક જગ્યાનું પંચનામું પંચો રુબરુ કરેલ જેમાં તેઓ પંચોની તથા રુબરુ તરીકે તેઓની સહી હોવાનું ઓળખી બતાવેલ છે. ત્યારબાદ સદર ગુનાની આગળની તપાસ ડી.વાય.એસ.પી. અંજાર શ્રી પી.એલ.માલ ને સોંપવામાં આવેલ.

આમ, સદર સાહેદની સોગંદપરની જુબાનીનું પુરાવાકીય મુલ્યાંકન કરીએ તો સદર સાહેદે પોતાની હોદાની

રુએ કાર્યવાહી કરેલ છે. ફરીયાદપક્ષ તરફે સ્થાનિક જગ્યાના પંચનામાના પંચ સાહેદ નંદલાલ ખુશીરામ ખુબચંદાણીની આંક–૧૬૮ થી સોગંદ ઉપર જુબાની થયેલ છે. સદર પંચ સાહેદે આંક–૧૬૯ ના સ્થાનિક જગ્યાના પંચનામાની હકીકતને સમર્થન પુરુ પાડેલ નથી. ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદો અને પંચ સાહેદોના પુરાવાથી ફરીયાદપક્ષના કેસને સમર્થન મળતું નથી અને તેઓ હોસ્ટાઈલ જાહેર થયેલ છે તેમજ ફરીયાદપક્ષના કેસની હકીકતને તથા પંચનામાને સમર્થન પુરુ પાડેલ નથી.

(૧૦.૧૩) ફરીયાદપક્ષ તરફે આંક–૨૨૫ થી તપાસ કરનાર અમલદાર પ્રવિણસિંહ લક્ષ્મણસિંહ માલની સોગંદપર જુબાની થયેલ છે. જેઓએ પોતાની સોગંદપરની જુબાનીમાં મુખ્યત્વે જણાવેલ છે કે, સદર ગુનાની તપાસના કાગળોમાં જાણવા જોગ નં.૭/૨૦૦૨, ડી.ડી. ની નકલ અને સ્થાનિક જગ્યાનું પંચનામું તેમજ ફરીયાદ મળેલ. ત્યારબાદ તેઓએ સ્થાનિક જગ્યાની મુલાકાત લીધેલ અને સાહેદોના નીવેદન મેળવેલ, ત્યારબાદ એફ.એસ.એલ.ની ટીમ આવતા સ્થળ પરીક્ષણ અહેવાલની કામગીરી કરેલ, મુદામાલ ડાયરી કબજે કર્યાનું પંચનામું કરેલ, કલમ ઉમેરાનો રીપોર્ટ કરેલ, મરણજનારનું ઈન્કવેસ્ટ પંચનામું તથા મરણજનારના કપડા તપાસના કામે સામેલ રાખેલ, સ્થાનીક જગ્યાનો નકશો બનાવવા સર્કલ ઓફીસરને યાદી કરેલ, ભોગ બનનારનું જાતિનું પ્રમાણપત્ર મેળવેલ, એફ.એસ.એલ જુનાગઢ ખાતે કબજે કરેલ મુદામાલ તથા વિસેરા મોકલી આપેલ અને તે અંગેના અહેવાલો મેળવવા તજવીજ કરેલ,

મરણજનારના પી.એમ. રીપોર્ટની નકલ મેળવેલ અને તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવા હોઈ નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલ.

આમ, સદર સાહેદની સોગંદપરની જુબાનીનું પુરાવાકીય મુલ્યાંકન કરીએ તો સદર સાહેદે પોતાની હોદાની રુએ કાર્યવાહી કરી આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીટ દાખલ કરેલ છે. ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદો અને પંચ સાહેદોના પુરાવાથી ફરીયાદપક્ષના કેસને સમર્થન મળતું નથી અને તેઓ હોસ્ટાઈલ જાહેર થયેલ છે તેમજ ફરીયાદપક્ષના કેસની હકીકતને તથા પંચનામાને સમર્થન પુરુ પાડેલ નથી. સદર સાહેદની જુબાની દરમ્યાન આંક–૨૩૧ થી મેડીકલ સર્ટીફીકેટ રજુ કરવામાં આવેલ છે જેમાં લખેલ હીસ્ટ્રી પણ વંચાણે લેવામાં આવે તો તેમાં કયાં ય કોઈ આરોપીનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી અને માત્ર એટલું કથન લખેલ છે કે, મરણજનાર ઉપર કોઈ અજાણ્યા ઈસમોએ પેટ્રોલ ફેંકેલ છે. ફરીયાદપક્ષ તરફે ફરીયાદીનું જાતિનું પ્રમાણપત્ર આંક–૨૩૮ થી રજુ કરવામાં આવેલ છે, પરંતુ તે સંદર્ભે કોઈ સાહેદને ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ નથી.

(૧૧) ફરીયાદપક્ષ તરફે આંક–૨૩૨ થી એફ.એસ.એલ. જુનાગઢનો મુદામાલ પરીક્ષણ અહેવાલ રજુ છે જે મહત્વનો પુરાવાનો ભાગ છે. સદર અહેવાલનું મુલ્યાંકન કરવામાં આવે તો તેમાં કુલ–૯ સેમ્પોલનો અહેવાલ આપવામાં આવેલો છે. સદર અહેવાલના અંતે પરીણામ સ્વરૂપે જણાવવામાં આવેલ છે કે, માર્ક–એ, માર્ક–સી

અને માર્ક–આઈ માં પેટ્રોલ–ડાયની હાજરી મળેલ છે અને કુલ–૯ પૈકી કોઈ સેમ્પલમાં પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બનની હાજરી મળેલ નથી. અત્રે એ ઉલ્લેખ કરવો જરૂરી છે કે, આક્ષેપીત બનાવમાં જયાં પેટ્રોલ છાંટી બાળી નાખવાના આક્ષેપો છે તેવા સંજોગોમાં જરૂરી છે કે, પ્રત્યેક આર્ટીકલમાંથી પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બનની હાજરી મળે. કારણકે, પરીક્ષણ થતા સુધી આર્ટીકલમાંથી પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન ઉડી જવા સબબ ઘણા કારણો હોઈ શકે છે. પરંતુ પેટ્રોલ–ડાયની હાજરી સમયાંતરે પણ મળી શકે છે. કુલ–૯ સેમ્પલો પૈકી બનાવવાળી જગ્યાએથી લીધેલ માટી, બનાવવાળી જગ્યાએથી કબજે કરેલ કપડા તેમજ બનાવવાળી જગ્યાએથી મળેલ ન્યુઝપેપરના ટુકડા ઉપરથી પેટ્રોલ–ડાયની હાજરી મળેલ છે. પરંતુ આર્ટીકલ–એફ જે પ્રોસીકયુશનના કેસ મુજબ બનાવ વખતે આ કામના આરોપી નં.ર નાઓએ પહેરેલ કપડા કબજે કરેલ છે તેની અંદરથી પરીક્ષણ બાદ પેટ્રોલ–ડાય અથવા પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બનની કોઈ હાજરી મળી આવેલ નથી. દલીલ ખાતર એક તબકકે માની લેવામાં આવે કે, ભોગ બનનારને આ કામના આરોપી નં.ર નાઓએ પકડી રાખેલ અને તે વખતે ભોગ બનનાર ઉપર પેટ્રોલ છાંટવામાં આવેલ તો તેવા સંજોગોમાં પણ આરોપીના કપડામાંથી પેટ્રોલ–ડાયની હાજરી મળી શકી હોત. પરંતુ આવા કોઈ પેટ્રોલ–ડાયની આરોપી નં.ર ના કપડા ઉપર ગેરહાજરીમાં આરોપી નં.ર ઉપર લગાવવામાં આવેલ આક્ષેપો ઉપર શંકા ઉપસ્થિત થાય છે. વધુમાં આ કામે રેકર્ડ ઉપર આવેલ તમામ મેડીકલ તેમજ એફ.એસ.એલ.ના રીપોર્ટ ઘ્યાને લેવામાં આવે તો તેમાં કયાંય એવી હકીકત પ્રથમદર્શનીય રીતે પણ રેકર્ડ ઉપર

આવેલ નથી કે, ભોગ બનનારના શરીર ઉપર બળવા સીવાય અન્ય કોઈ ઈજાઓના નીશાન જોવા મળેલ હોય. આવા સંજોગોમાં ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજીના પુરાવાના આધારે આરોપીઓએ ફરીયાદીની મારુતી ઉભી રખાવી, ફરીયાદીને મારુતીની પાછળની સીટમાં બેસાડી, રસ્તામાં ફરીયાદીને ગાળો આપી, લાફા મારી, અપહરણ કરી ફરીયાદીને તેમનું ઘર તેઓના નામે લખી આપવા અથવા રૂા.૧૦,૦૦,૦૦૦/– રોકડા આપવા માંગણી કરતા, ફરીયાદીએ આરોપીઓની માંગણી નહીં સ્વીકારતા, આરોપી નં.૨ નાએ ફરીયાદીને પકડી રાખી અને આરોપી નં.૧ નાએ ફરીયાદી ઉપર પેટ્રોલ છાંટી, દીવાસળી ચાંપી સળગાવી, ફરીયાદીનું મોત નીપજાવી, ગુનો કરવામા એકબીજાની મદદગારી કરેલ હોવાની હકીકત ફરીયાદપક્ષ તરફે નિ:શંકપણે પુરવાર થતી નથી તેવા સંજોગોમાં મુદા નં.૧ અને ૨ નો જવાબ ''નકારમાં'' ઠરાવવામાં આવે છે.

(૧૨) ક્રિમીનલ જયુરિસ્પુડન્સના સિધ્ધાંત અન્વયે જયારે કોઈપણ આરોપી ઉપર આક્ષેપ કરવામાં આવ્યો હોય અને તહોમતનામું ફરમાવવામાં આવ્યું હોય ત્યારે તે અંગેનો આક્ષેપ અને તહોમતનામું નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષ ઉપર રહેલી છે. પરંતુ આ કામે રજુ થયેલ તમામ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓનું પુરાવાકીય મુલ્યાંકન કરતા સદર કામે ફરીયાદપક્ષ તરફથી આ કામના આરોપીને સીધીરીતે સદર ગુનામાં સાંકળતો પુરાવો રજુ કરવામાં નિષ્ફળ નીવડેલ છે. ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદોની સોગંદપરની જુબાની ઉપરથી એ હકીકત ફલીત થતી નથી કે, આ કામના ફરીયાદી તા.૨૧–૨–૨૦૦૨ ના

રોજ કલાક ૧૫.૩૦ વાગ્યે ભચાઉ નવા બસ સ્ટેશન પાસે પોતાની મારુતીમાં હતા ત્યારે આરોપીઓએ મારુતી ઉભી રખાવી, ફરીયાદીને મારુતીની પાછળની સીટમાં બેસાડી, રસ્તામાં ફરીયાદીને ગાળો આપી, લાફા મારી, અપહરણ કરી ફરીયાદના આદીપુરમાં આવેલ ઘર પાછળ ઉતારી, આરોપીઓએ ફરીયાદીને તેમનું ઘર તેઓના નામે લખી આપવા અથવા રૂા.૧૦,૦૦,૦૦૦/– રોકડા આપવા માંગણી કરતા, ફરીયાદીએ આરોપીઓની માંગણી નહીં સ્વીકારતા, આરોપી નં.૨ નાએ ફરીયાદીને પકડી રાખી અને આરોપી નં.૧ નાએ ફરીયાદી ઉપર પેટ્રોલ છાંટી, દીવાસળી ચાંપી સળગાવી, ફરીયાદીનું મોત નીપજાવી, ગુનો કરવામા એકબીજાની મદદગારી કરી ગુનો કરેલ હોય. આમ, ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ ઉપરોકત તમામ પુરાવો ધ્યાને લેતા, આરોપી સામેના આક્ષેપો તેમજ તહોમતનામું ફરીયાદપક્ષ દવારા માનવાલાયક આધારભુત પુરાવાને આધારે નિષ્ફળ નીવડેલ છે. આવા સંજોગોમાં મુદ્દા નં.૩ સબંધે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

(૧) આ કામના આરોપી ૨. ધનજી ભીમજી આહીર, રહે. ૪–એ, પ્લોટ નં. ૪૬, મ.નં.૨, આદીપુર નાઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સહિતાની કલમ–૩૦૨, ૩૨૩, ૩૬૪,૫૦૪,૧૧૪ તથા અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનીયમની કલમ–૩(૨)(૫) મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપી નં.૧ ગોવિંદ સામત ચાવડા નાઓ ટ્રાયલ દરમ્યાન ગુજરી ગયેલ હોઈ તેઓ પુરતો કેસ એબેટ કરવામાં આવે છે.

(૩) સદર કામે કબજે કરવામાં આવેલ બિનકિંમતી મુદામાલનો અપીલ સમય બાદ અને જો અપીલ થાય તો તેના નીકાલ બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આંક ન પડયા હોય, તેવા પોલીસ પેપર્સ, સંબંધિત પોલીસ સ્ટેશન સમક્ષ ક્રિમિનલ મેન્યુલ પેરા ૩૪૯(૧) મુજબ પરત આપવા હુકમ કરવામાં આવે છે.

(૪) ફોજદારી કાર્યવાહી સંહિતા ૧૯૭૩ ની કલમ–૪૩૭(એ) અન્વયે આરોપીએ રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર) ના જાત જામીન તથા તેટલીજ રકમના સધ્ધર જામીન અપીલ પીરીયડ સુધીના આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.સોળમી, માહે–જુલાઈ, સને–બે હજાર છવ્વીસ ના રોજ ગાંધીધામ મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

ગાંધીધામ–કચ્છ.
તા.૧૬–૦૭–૨૦૨૬

**(લલીત દીલીપ વાઘ)**
**આઠમા એડિશનલ સેશન્સ જજ**
**અને સ્પે.જજ (એટ્રોસીટી)**
**ગાંધીધામ–કચ્છ.**
**(જજ કોડ નં.જીજે૦૧૦૮૭)**